।। णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स ।।
।। आयओ गुरुबहुमाणो ।।

# જૈન સાધુ અને પર્યાવરણ

દુનિયાને બચાવી લેવા
દુનિયાભરમાં આપવા જેવી
રસપ્રદ માહિતી

## પ્રિયમ્

अहो श्रुतम्

બાબુભાઈ – અમદાવાદ મો. +91 9426585904
ahoshrut.bs@gmail.com

મિહિરભાઈ – વડોદરા મો. +91 9824319414

હર્ષભાઈ – મુંબઈ મો. +91 8828356826

# * Realy Miracle *

આત્મકલ્યાણ અને વિશ્વકલ્યાણનો
અદ્ભુત સમન્વય
એટલે જ જૈન સાધુ.

અસંખ્ય વર્ષોથી ચાલી આવેલી
આ અદ્ભુત પંરપરામાં
આજે પણ હોંશે હોંશે
ઉચ્ચ શિક્ષિતો, ઉચ્ચ શ્રીમંતો અને ઉચ્ચ બૌદ્ધિકો સુદ્ધા
સમગ્ર સંસારને છોડીને સામેલ થઈ રહ્યા છે.
જેમાં હાઈએસ્ટ સંખ્યા
કિશોર અને યુવાવયની વ્યક્તિઓની છે.
જૈન મુનિજીવનને ઊંડાણથી જાણવું હોય
તો વર્ષોના વર્ષો પણ ઓછા પડે.
અહીં જે પ્રસ્તુત કર્યું છે
તે જૈન મુનિજીવનનું ફક્ત એક પાસું છે,

તે છે પર્યાવરણની સલામતી.
તદ્દન ખતરામાં આવી પડેલું પર્યાવરણ
તદ્દન સલામત બની શકે છે.
જો જૈન મુનિજીવનના આ પાસાને સમજી શકાય
અને As possible અપનાવી શકાય.

Actualy,
જૈન મુનિજીવનના એક એક પાસામાં
સૃષ્ટિની એક એક સમસ્યાને
સમાપ્ત કરી દેવાની શક્તિ પડેલી છે,
શરત એ જ છે,
આપણે એને સમજીએ
અને યથાશક્ય અપનાવીએ.

ચાલો,
આપણે શરૂ કરીએ,
આ પાસાથી.

## * Save Planet Earth : *

# જૈન મુનિજીવનમાં પડ્યું છે સૃષ્ટિને બચાવી લેવાનું રહસ્ય

જંગલો એ ભૂતકાળ બની જાય, સખત ગરમી એ વર્તમાનકાલ બની જાય અને રાખ એ ભવિષ્યકાળ બની જાય, એવી પરિસ્થિતિ તરફ આપણે પૂર ઝડપે ઘસડાઈ રહ્યા છીએ, ત્યારે જૈન મુનિજીવન આપણને એવી જીવનશૈલીનો આદર્શ આપી શકે છે, જેનાથી સૃષ્ટિને પુનર્જીવન મળી શકે છે. ચાલો,આપણે થોડા પોઈન્ટ્સ ઓફ વ્યુ-થી એને સમજવાનો પ્રયાસ કરીએ.

(૧) **માલિકી** : આપણા ગજવાની તાકાત અને ઘરના અવકાશની તાકાત ટૂંકી પડી જાય, એટલી હદે આપણે ખરીદીઓ કરતા થયા છીએ. જરૂરિયાતથી આગળ વધીને સગવડ સુધી, સગવડથી આગળ વધીને લક્ઝરી સુધી, લક્ઝરીથી ય આગળ વધીને શોખ સુધી

અને શોખથી ય આગળ વધીને ગાંડપણ સુધી આપણે પહોંચ્યા છીએ, તે સમયે જૈન મહાત્માઓ જરૂરિયાતના પણ અનેક ભાગાકારો કરીને જીવી રહ્યા છે.

(a) એમનું ઘર જ નથી હોતું, એટલે ફર્નિચર, રાચરચીલું, કબાટો, જાતજાતની માલમત્તા વગેરેનો કોઈ સ્કોપ જ નથી રહેતો. (b) માટે જ અવનવી ખરીદીનો પણ પ્રશ્ન નથી રહેતો (c) જૈન શ્રમણ એક સ્થાને લાંબુ રોકાણ નથી કરતા એટલે ટેમ્પરરી પણ ચીજ-વસ્તુઓનો સંગ્રહ નથી કરતા. (d) પહેરેલા કપડા કે બે જોડ કપડાં, ભોજન = ગોચરી માટેના કાષ્ઠપાત્ર, જીવદયા માટેના સાધન = ઉપકરણ તરીકે ઓઘો, પૂંજણી, દંડ અને જ્ઞાનપ્રાપ્તિ માટે પુસ્તકો - આટલામાં જૈન મુનિની બધી વસ્તુઓ આવી જાય છે.

જૈન શાસ્ત્રોમાં કપડાનો નાનો ટુકડો પણ વધારાનો રાખવાની ના પાડી છે, કાગળની નાની ચબરખી પણ ફોગટ રાખવાની ના પાડી છે, એટલું જ નહીં, જે

વસ્ત્ર વગેરે લઘુતમ જરૂરિયાતરૂપે રાખ્યા હોય, તેનું પણ મમત્વ રાખવાની ના પડી છે. પરિણામે કોઈ બિનજરૂરી વસ્તુ રાખવાનો તો સવાલ જ નથી આવતો. (e) જૈન શ્રમણે જરૂરી વસ્ત્રાદિ વસ્તુ પણ શ્વેત વગેરે ચોક્કસ રંગની જ રાખવાની હોય છે, તેથી કલર, ડિઝાઈન, ચોઈસ વગેરેનો પ્રશ્ન ટળી જાય છે.

એક વસ્તુ મને ગમી, પરવડી, હું એને ખરીદીને ઘરે લઈ આવ્યો, આટલામાં વાત પતી નથી જતી, આવી પસંદ ને શોખ આધારિત ખરીદી પાછળ જે ઉત્પાદન થાય છે તેમાં સૃષ્ટિના પર્યાવરણનો કેવો કચ્ચરઘાણ નીકળી જાય છે, એ પણ બહુ મહત્ત્વનો મુદ્દો છે. બીજા શબ્દોમાં કહીએ તો વસ્તુ મને પરવડી એટલું પૂરતું નથી, એ પર્યાવરણને પણ પરવડી હોવી જોઈએ, ને જો એ પર્યાવરણને નથી પરવડી, તો એ મને પણ હકીકતમાં નથી પરવડી, કારણ કે પર્યાવરણને જે મોંઘું પડે, તે મને પણ મોંઘુ જ પડવાનું છે.

ગૃહસ્થજીવનમાં ઘર તો હોવાનું જ, કારણ કે એ ગૃહસ્થજીવનની લઘુત્તમ જરૂરિયાતમાં આવે છે, પણ એનાથી આગળ વધીને આપણે ક્યાં સુધી જઈએ છીએ, ને આપણે પોતે જ પર્યાવરણને ભારે પડી જઈએ એવા તો નથી થઈ જતાં ને એનો વિવેક કરવો જરૂરી બને છે. એક ઘરની જ વાત લઈએ તો જેમ જેમ પૈસાની અનુકૂળતા થતી જાય, તેમ તેમ આપણા નખરાં વધે છે. શહેર બહાર નવી નવી સ્કીમ્સ થતી હોય, ત્યાં આપણે પહોંચી જઈએ છીએ, નવું ઘર, નવી ડિઝાઈનનું ફર્નિચર, બહારના નવા દૃશ્યો વગેરેની આપણી ઈચ્છા ટેમ્પરરી સંતોષાય છે, પણ આપણે આવા નખરાં કરીએ એવી પર્યાવરણની હરગીઝ ઈચ્છા નથી કારણ કે એનાથી એનું નિકંદન નીકળી જાય છે એનું શું ?

પર્યાવરણ કહે છે, તમારી આ કુટેવો સુધારો. આ કુટેવોથી લાખો વૃક્ષોનું નિકંદન નીકળી રહ્યું છે, પછી

'આવજો, એક વૃક્ષ વાવજો' - આવું કહેવાનો કોઈ અર્થ નહીં રહે.

પર્યાવરણ કહે છે, મને યા 'જૈન સાધુ' પરવડે છે, યા 'જૈન સાધુ જેવા' પરવડે છે, બાકી આડેધડ ઘર, કપડા, ઘરવખરીઓ બદલનારા ને શોપિંગના વ્યસનવાળા મને ખૂબ ખૂબ મોંઘા પડે છે.

**(૨) મારાપણું :** માલિકી પછીનો મહત્ત્વનો મુદ્દો આ છે કે પર્યાવરણ પ્રત્યે આપણને મારાપણાની લાગણી છે ખરી ? વૃક્ષ ઓક્સિજન આપે છે, વરસાદ લાવે છે, માટે વૃક્ષોને બચાવવા આ અધુરી સમજણ છે. આટલા માત્રથી સૃષ્ટિ ન બચી શકે. જ્યારે વૃક્ષ-વેલ-છોડ-ઘાસ ને એક એક પાન પ્રત્યે મારાપણાની લાગણી આવે, આપણને ઘરના સ્વજનના સુખ-દુઃખની જેટલી ચિંતા હોય, તેટલી ચિંતા આ બધાના સુખ-દુઃખ માટે પણ હોય અને એક પાંદડું ય તોડી નાંખવાનો આપણે વિચાર સુદ્ધા ન કરીએ શકીએ.

જૈન મુનિજીવનમાં આ લાગણી સહજ રીતે વણાયેલી હોય છે. જૈન મુનિઓ વૃક્ષોને કાપતા કે કપાવતા તો નથી જ, વૃક્ષોને કપાતા જોઈ શકતા પણ નથી. તેઓ પૂરી જિંદગીમાં એક પાંદડું પણ તોડતા નથી. એટલું જ નહીં, કોઈ રસ્તે ઘાસ પર ચાલીને જવું પડે તેમ હોય, તો તેઓ તે રસ્તો છોડીને બીજા રસ્તે જવું પસંદ કરે છે. ક્યારેક બપોરના સમયે સડક તપેલી હોય, એમના પગ ખુલ્લા હોય, સડકની બાજુમાં ઘાસ ઉગેલું હોય, ઘાસ પર ચાલવાથી અનુકૂળતા રહે, પગ ન દાઝે - એવી પરિસ્થિતિમાં પણ જૈન મુનિ અચૂક તપેલી સડક પર ચાલવાનું જ પસંદ કરે છે, જેથી ઘાસના જીવોને કષ્ટ ન પડે.

પહેલા આપણી મારાપણાની લાગણી કપાય છે, પછી લાખો હેકટરો જંગલો કપાઈ જાય છે. સૌના સુખમાં મારું સુખ - આ આમ તો પરમાર્થનો વિચાર કહેવાય છે, પણ સ્વાર્થનો વિચાર પણ હકીકતમાં આ

જ છે. પરમાર્થમાં સ્વાર્થ અને પરમાર્થ બંને સમાઈ જાય છે, પણ સ્વાર્થમાંથી બંને નીકળી જાય છે. પૃથ્વીની વર્તમાન પરિસ્થિતિ જ આ વાતની સાબિતી છે.

(૩) **માપસર :** સર્વેક્ષણોનો સાર એ છે કે દુનિયામાં કુલ જેટલો રાંધેલો ખોરાક બને છે, એનો ત્રીજો ભાગ કોઈના પણ વપરાશમાં આવ્યા વિના વેડફાઈ જાય છે. મેરેજ હોલોનો વાર્ષિક વેસ્ટેજ હજારો ને લાખો ટન જેટલો હોય છે. ખાવા કરતા ઢોળવું-વેરવું વધુ - આ હાથીના લક્ષણો માણસમાં આવી ગયા છે. તો બીજી બાજુ પ્રચંડ ભૂખમરાથી દુનિયાના કરોડો લોકો પીડાઈ રહ્યા છે, ને મરી રહ્યા છે.

જર્મનીની હોટલ્સમાં એંઠું મુકવા બદલ દંડની જોગવાઈ છે. ત્યાં આપણા એક મહાશયે સારું એવું વધાર્યું. વેઈટરે તેમને વધેલું જમી જવા વિનંતિ કરી તો તેમણે દલીલબાજી કરી. આ દશ્ય જોઈને એક મહિલાએ તરત પોલિસને ફોન કર્યો. પોલિસ હાજર

થઈ. મહાશયે દલીલ કરી કે 'મેં એ ભોજનનો ચાર્જ ચૂકવી દીધો છે, તો પછી તમને શું વાંધો છે ?' પોલિસે એમને જે જવાબ આપ્યો તે દુનિયાભરમાં મોટા અક્ષરોમાં લખવા જેવો છે, 'તમે કોસ્ટ પે કરી દીધી, પણ રિસોર્સિસ વેલ્યુને તમે કઈ રીતે પે કરશો ?'

મહાશયે દંડ ભરવો જ પડ્યો. વાત ફક્ત જર્મનીમાં જ નહીં દરેક દેશમાં લાગુ પડે છે અને ફક્ત ભોજનમાં જ નહીં દરેક વસ્તુમાં લાગુ પડે છે. કમનસીબી એટલી જ છે કે લાગુ પાડવામાં આવતી નથી, માટે સૃષ્ટિ આજે જીવન-મરણનો સંઘર્ષ કરતી થઈ ગઈ છે. આ સ્થિતિમાં જૈન મુનિજીવનમાં માપસરનું સાયન્સ બહુ જ પ્રેકટીકલ છે.

જૈન મુનિઓ કિચન નથી રાખતા. મૂળ ભારતીય પરંપરાની માધુકરી સિસ્ટમથી જુદા જુદા અનેક ઘરોમાંથી થોડું થોડું ભોજન લઈને જીવન જીવે છે. તેમના તપ, ત્યાગ અને સંયમથી ભાવુક બનેલા લોકો તેમને વધુ

ભોજન લેવા ગમે તેટલો આગ્રહ કરે તો પણ તેઓ એક ઘરમાંથી વધુ ભોજન નથી લેતા અને જરૂર પૂરતું આવી ગયા પછી વધુ ઘરોમાં પણ નથી જતા. એટલું જ નહીં, અન્નનો એક દાણો પણ તેઓ બીજા દિવસ માટે મુકી નથી રાખતા. ધારો કે ભોજન = ગોચરી લાવ્યા પછી બધા મહાત્માઓએ જમી લીધું = વાપરી લીધું. પછી બે રોટલી વધી, તો બધા અડધી-અડધી કે પા-પા રોટલી લઈ વાપરી લેશે. પણ રાખી નહીં મુકે. આ પદ્ધતિથી કાયમ જરૂર પૂરતું જ માપસર લાવવાનું જ સહજ થઈ જાય છે.

એક્ઝેટલી મુનિજીવન જીવવું એ ગૃહસ્થ માટે શક્ય પણ નથી અને અમુક દૃષ્ટિકોણોથી ઉચિત પણ નથી. પણ જો આ આદર્શોને નજર સામે રખાય તો તદ્દન બેજવાબદાર સૃષ્ટિઘાતી અને આપઘાતી ઉપભોક્તાવાદથી દૂર રહી શકાય છે અને આવનારી પેઢીઓ માટે જેને ખરેખર વારસો કહેવાય એવું કંઈક છોડી શકાય છે.

## * *Save Water* - ના સંદર્ભમાં *

# જૈન સાધુના જીવન વિષેની રસપ્રદ વાતો

વર્ષોથી એમ કહેવાતું હતું કે 'ત્રીજું વિશ્વયુદ્ધ પાણી માટે થશે.' હવે આ ભવિષ્ય વર્તમાનની લગોલગ આવેલું દેખાઈ રહ્યું છે, ત્યારે જૈન સાધુ પોતાના જીવનમાં પાણીનો ઉપયોગ કેવી રીતે કરે છે, તે જાણવું રસપ્રદ તો થશે જ, સાથે સાથે આખા વિશ્વને દિશા ચીંધનારું પણ બની રહેશે.

(૧) જૈન મહાત્મા ફક્ત ઉકાળેલા પાણીનો જ ઉપયોગ કરે છે. જે આરોગ્ય માટે તો સારું છે જ, મનની પવિત્રતા માટે પણ સારું છે. Save water ના સંદર્ભમાં - આવા નિયમનથી પાણીનો ઉપયોગ આપો આપ તદ્દન મર્યાદિત થઈ જાય છે. ખુલ્લા નળે બેફામ પાણી ઢોળાયે જતું હોય, એવા વેડફાટની કોઈ શક્યતા જ નથી રહેતી.

(૨) જૈન મહાત્મા પાણીનો ઘીની જેમ ઉપયોગ કરે છે, એટલે હાથ-પગ ધોવા, દંતમંજન કરવા વગેરેમાં જ્યાં સામાન્ય માણસો અડધી બાલદી, એક બાલદી કે તેથી વધુ પાણી વેડફી દેતા હોય, ત્યાં જૈન સાધુ ફક્ત અડધા કે એક ગ્લાસ જેટલું જ પાણી એટલી કુશળતાથી વાપરે છે, કે તે તે કાર્ય પણ સરસ રીતે થઈ જાય અને પાણી પણ ન વેડફાય.

(૩) જૈન મહાત્મા કપડાં ધોવા માટે વોશિંગ મશીનનો ઉપયોગ નથી કરતા તથા બીજા પાસે પણ તેનો ઉપયોગ નથી કરાવતા. એટલે આઠ-દશ ડોલ જેટલા પાણીનો તો સીધો જ બચાવ થાય છે. મોરીમાં-બાથરૂમમાં નળ ચાલુ જ હોય ડોલ ઉભરાયે જતી હોય, પાણી ગટરમાં વહે જતું હોય અને કપડાં ધોવાયે જતા હોય, આવી પરિસ્થિતિ પણ જૈન શ્રમણના જીવનમાં એક વાર પણ આવતી નથી. જૈન શ્રમણો પદયાત્રા કરતા કરતા જ્યાં

મુકામ કરતા હોય - ત્યાં ઉપાશ્રયોમાં ધાતુના થાળા - પરાતો રાખી હોય છે. જૈન શ્રમણોની કપડા ધોવાની પ્રક્રિયાને કાપ કાઢવો કહેવાય છે. કાપ કાઢવા માટે જરૂર અનુસાર એક કે અડધી બાલદી પાણી લેવામાં આવે છે. તેમાંથી પોણા કે એક ગ્લાસ જેટલું પાણી પરાતમાં લેવાય છે. તેમાં કપડું લઈને તેના પર સાબુ લગાડીને ક્રમશઃ આખું કપડું મસળી લેવાય છે. પછી તે કપડું બીજી પરાતમાં બીજું એટલું જ પાણી લઈ જરૂર અનુસાર સાબુ લગાડી મસળી લેવાય છે. પછી ત્રીજી પરાતમાં એટલા જ ચોખ્ખા પાણીમાં ધોઈ ચોથી પરાતમાં ફરી એટલા જ ચોખ્ખા પાણીમા ધોઈ લેવાય છે. જરૂર મુજબ સાબુવાળી પરાતની સંખ્યા વધારાય છે. એક મેલું કપડું તદ્દન ચોખ્ખું થઈ જાય છે. એટલું જ નહીં એક કપડું ચોખ્ખુ કરી લીધા બાદ તે પાણી ફેંકી નથી દેવાતું, બલ્કે તેની તે ૪/૬ પરાતોમાં તેના તે પાણીમાં બીજું

કપડું તે જ રીતે પસાર કરાય છે. તેમાં જ ત્રીજું કપડું પસાર કરાય છે, એમ ચોથું, પાંચમું, છટ્ઠું, સાતમું કપડું પસાર કરાય છે. જ્યારે એવું લાગે કે પહેલી પરાતનું પાણી હવે એટલું મેલું થઈ ચૂક્યું છે, કે હવે કાપ કાઢવા ઉપયોગી નથી રહ્યું, ત્યારે એક ખાલી ડોલમાં તે પાણી ભરી લેવામાં આવે છે.

પછી બીજી પરાતનું પાણી પહેલી પરાતમાં લેવામાં આવે છે. ત્રીજીનું બીજીમાં, ચોથીનું ત્રીજીમાં... એમ કરતા છેલ્લી પરાત ખાલી થઈ જાય, એટલે તેમાં નવું ચોખ્ખું પાણી લેવામાં આવે છે. આ રીતે તદ્દન લિમિટેડ પાણીમાં ૧૦/૧૫/૨૦/૨૨ જેટલા નાના-મોટા કપડાનો કાપ કાઢી લેવામાં આવે છે. અડધી બાલદી પાણીમાં ૧૦-૧૨ કપડાનો અને પૂરી બાલદીમાં ૨૦-૨૨ કપડાનો કાપ સહેલાઈથી નીકળી શકે છે.

જૈન શ્રમણના જમીન લૂંછવાના કપડાંને 'લૂંછણિયું'

કહેવામાં આવે છે. જ્યારે કાપ નીકળી જાય, ત્યારે તે મેલા પાણીનો પણ સદુપયોગ કરી લેવા માટે તે બાલદીમાં લૂંછણિયું મસળી દેવામાં આવે છે. જેનાથી તે પણ ચોખ્ખું થઈ જાય છે.

(૪) જૈન મહાત્મા જે વાસણોનો = કાષ્ઠપાત્રોનો ભોજન કરવા માટે = ગોચરી વાપરવા માટે ઉપયોગ કરે છે, તે પાત્રોને મોરીમાં ડિટર્જન્ટ પાઉડરથી ઉટકવાના હોતા નથી. જૈન મહાત્મા ગોચરીચર્યાથી પાત્રોમાં અન્ન લાવે અને આરોગે = વાપરે, તેમાં એવી પદ્ધતિ અજમાવે છે કે છેલ્લે દાળ-ભાત જેવી વસ્તુ એવી રીતે વાપરે કે જેનાથી તેલ વગેરેની ચીકાશ જતી રહે. અન્નના કોઈ પણ દાણા વગેરે અવશેષો બાકી ન રહી જાય એની કાળજી રાખે.

પછી પા વાટકી જેટલું પાણી એક પાત્રામાં લે તે પાત્રું બરાબર ધોઈને તે પાણી બીજા પાત્રામાં લે, તેને

પણ બરાબર ધોઈને તે પાણી ત્રીજા પાત્રામાં લે, આ રીતે ૩/૪/૫/૬ જેટલા નાના મોટા પાત્રનો ગોચરી લાવવા કે વાપરવામાં ઉપયોગ થયો હોય, તે બધાને એક જ પાણીથી ધોઈ લે. પછી પહેલા પાત્રામાં બીજું નવું પા વાટકી જેટલું પાણી લઈ લે એ જ ક્રમથી બધા પાત્રા ધોઈ લે. પછી એટલું જ ત્રીજું પાણી લઈને બધા પાત્રા ધોઈ લે.

આ રીતે ત્રણ પાણીથી બધા જ પાત્રા એકદમ સ્વચ્છ થઈ જાય છે. કુલ પાણી પોણી વાટકી જેટલું જ વપરાય છે. જૈન મહાત્મા આ આખી પ્રક્રિયા ફક્ત પાંચ મિનિટમાં કરી લે છે. પછી એક રૂમાલ જેવડા કપડાના નાના ટુકડાથી તે બધા પાત્રા લૂંછી લેવામાં આવેછે, અને પેક કરી દેવામાં આવે છે. તે રૂમાલનો કાપ કાઢી લેવામાં આવે છે. જેમાં પોણા ગ્લાસ જેટલું પાણી વપરાય છે.

વર્ષોથી આ પદ્ધતિથી ટેવાયેલા જૈન શ્રમણો આ બધી પ્રક્રિયા કરી ગોચરી કક્ષની બહાર આવે, ત્યારે જોનારને એવું જ લાગે છે કે તે ફક્ત જમીને = વાપરીને આવ્યા છે. એટલી સરળતાથી અને શીઘ્રતાથી આ આખી પ્રક્રિયા થઈ જાય છે.

જૈન સાધુ પોતાની જીવદયાપ્રધાન વિશિષ્ટ જીવન-શૈલીથી એક જીવનમાં કરોડો લિટર પાણી બચાવે છે. જો આવું કંઈક શીખવામાં નહીં આવે તો આવનારા દિવસોમાં આપણે શરીર-કપડા-વાસણ-દાંત-ઘર-ગાડી બધું ધોવા માટે પ્યોર ડ્રાય-કલીનિંગ કરવું પડશે એ દિવસો દૂર નથી.

✳

## * Save Resources : *

# જૈન મુનિજીવનની શીખવા જેવી વાતો

એક બાજુ - રિસોર્સિસનો વેડફાટ કરવાની જાણે ફેશન થઈ ગઈ છે, ને બીજા બાજુ તેના કારણે સમગ્ર સૃષ્ટિનું અસ્તિત્વ જોખમમાં આવી ગયું છે, ત્યારે જૈન મુનિઓ સહજ એવી જીવનશૈલીમાં જીવ રહ્યા છે, જેમાં રિસોર્સિસના જરા પણ વેડફાટની કોઈ જ પોસિબિલિટી નથી. ચાલો, એમના જીવનની કેટલીક રસપ્રદ વાતો જાણીએ.

(૧) કાગળ યુગ વૃક્ષોનું ઘોર નિકંદન કાઢી રહ્યો છે ને કાગળનો ભયંકર વેડફાટ થઈ રહ્યો છે, એ સ્થિતિમાં જૈન મહાત્મા કાગળનો એટલી કાળજીથી ઉપયોગ કરે છે કે આશ્ચર્યચકિત થઈ જવાય. જેમ કે ૧ કાગળ જેટલું પત્રનું લખાણ કરવું હોય તો એક બાજુનો કાગળ ભરી બીજી બાજુ ખાલી છોડવાને બદલે અડધું પાનું આગળ-પાછળ લખી એટલું પાનું ફાડીને

જૈન મુનિ પત્ર તરીકે મોકલી દે છે અને બાકીનું અડધું પાનું બીજા વપરાશમાં લે છે.

ઘણા જૈન મુનિઓ એટલા જ કાગળમાં વધુ લખાણ આવે તે માટે ઝીણા અક્ષરોમાં લખે છે. ઘણા જૈન મુનિઓ ગૃહસ્થોએ વ્યવસાયાદિના ફેંકી દેવાના કાગળો - જેમની એક સાઈડ કોરી હોય, તેમનો જ ઉપયોગ કરે છે. ઘણા જૈન મુનિઓ બીજાએ વાપરેલ લેટર પેડની પાતળી પટ્ટીઓનો ઉપયોગ કરે છે, જે લેટર્સ ફાડી લીધા બાદ બચેલી હોય છે. કેટલાક જૈન મુનિઓ છાપાની બોર્ડર્સનો કોરો ભાગ કાપી લઈ, તે પટ્ટીઓનો ઉપયોગ કરે છે. કાગળનો આડેધડ ઉપયોગ કરવો કે આડેધડ કાગળ ફેંકી દેવા એ એમના સ્વભાવમાં જ નથી હોતું.

(૨) જૈન મુનિઓ પોતાના કપડા ઘસાઈને ફાટી ન જાય, ત્યાં સુધી નવું કપડું લેતા નથી, જુનું બદલતા નથી. મોટા ભાગે કોઈ પણ જૈન મુનિ એક જોડથી વધુ વસ્ત્રો રાખતા નથી, કોઈને એવી જરૂર હોય તો

બે જોડ રાખે છે, પણ તેમને ય એવું લાગે છે કે તેમણે વધારે વસ્ત્રો રાખ્યા છે.

જૈન મુનિનું એક પણ વસ્ત્ર સીવેલું હોતું નથી. જ્યારે કોઈ પણ વસ્ત્ર ફાટી પણ જાય, ત્યારે તે સીધું ફેંકી દેવામાં નથી આવતું પણ મોટા વસ્ત્ર = કપડા-નો નાના વસ્ત્ર = પાંગરણી તરીકે ઉપયોગ કરવામાં આવે છે. જનરલ ભાષામાં કહીએ તો શર્ટ ફાટ્યા બાદ તેનો ટુકડો ગંજી તરીકે ઉપયોગી બની શકે છે. કારણ કે કશું પણ સીવેલું હોતું નથી. તે નાનું વસ્ત્ર = પાંગરણી પણ ફાટી જાય ત્યારે તેમાંથી પરસેવો લૂંછવાનો રૂમાલ બનાવાય છે, નાક લૂંછવાનો રૂમાલ કે પાત્ર લૂંછવાનો રૂમાલ બનાવાય છે. કપડો ફાટ્યા બાદ આવા ટુકડા કર્યા પછી લાંબી પટ્ટી વધે. તો તેનો ઉપયોગ પદયાત્રામાં ખભે રાખેલ આસન પડી ન જાય, તે માટે ફિટિંગ કરવા થાય છે.

જૈન મુનિનું નીચે પહેરવાનું વસ્ત્ર પેંટ પીસ જેવું જાડું હોય છે. તે જ્યારે ઘસાઈને ફાટી જાય ત્યારે તેમાંથી

જુદા જુદા ઉપયોગમાં લેવાના નાના ટુકડા કરાય છે તથા જમીન લૂંછવાના ફટ્ટા = લૂંછણિયા કરાય છે.

શ્રદ્ધાળુ ભાવુકો નવા નવા કપડાનું દાન સ્વીકારવા આગ્રહ કરતા હોય છે, પણ જૈન મુનિઓ પોતાની આ પદ્ધતિથી એક એક વસ્ત્રનો છેવટ સુધીનો ઉપયોગ કરવાની ટેક છોડતા નથી અને બિનજરૂરી દાન સ્વીકારતા નથી. વારે-તહેવારે-છાશવારે શોખ કે ફેશનના નામે નવા નવા બિનજરૂરી કપડા લેવા અને રિસોર્સિસનો ભયાનક વેડફાટ કરવો - આવા પ્રેઝન્ટ કલ્ચરમાં જૈન મુનિનું ઉદાહરણ ખૂબ જ નેત્રદીપક છે.

જૈન મુનિને દીક્ષા વખતે જે કાષ્ઠ પાત્રો આપવામાં આવે છે, તેના તે જ પાત્રો આજીવન ચાલે એવો તેમનો ભાવ હોય છે. અમુક મુનિઓ આ ભાવનામાં સફળ થયા છે, તો તેના તે પાત્રો બે-અઢી દાયકા સુધી ચલાવવા તે સહજ ગણાય છે. કોઈ મુનિના પાત્ર ઓછા સમયમાં તૂટી જાય તો તેમને પશ્ચાત્તાપ થાય છે.

નવા પાત્રો મેળવવાની કમી નથી હોતી, પણ તે તે વસ્તુ તેના મહત્તમ આયુષ્ય સુધી વાપરવી જોઈએ આ કર્તવ્યની તીવ્ર સભાનતા હોય છે. જૈન મુનિઓ જ્યારે ડિસ્પોઝેબલ ગ્લાસ, ડીશ વગેરેનું કલ્ચર જુએ છે, ત્યારે તેમને આશ્ચર્ય સાથે દુઃખની લાગણી થાય છે.

(૪) આ બધી તો કાગળ, કપડાં, પાત્ર વગેરેની વાત થઈ, બાકી વીજળી, પેટ્રોલ, ડિઝલ વગેરેનો તો જૈન મુનિઓ વપરાશ જ નથી કરતા એટલે એ રિસોર્સિસનો તો તેમના દ્વારા સંપૂર્ણ બચાવ થાય છે.

કદાચ દુનિયાના બધા જ દેશો સૃષ્ટિને કઈ રીતે બચાવવી એનું સંશોધન કરવા માટે ઉચ્ચ કક્ષાના નિષ્ણાતોને કામે લગાડે, તો કદાચ એના તારણનો ટૂંકસાર આ હોઈ શકે – ‘જૈન સાધુ જેવું જીવન જીવો.’ ના, આ જોક નથી. રિસોર્સિસ એટલા ઝડપથી ખૂટી રહ્યા છે, કે જો હજી આપણે ન સુધર્યા, તો પછી સાધુ જેવું જીવન પણ નહીં જીવી શકીએ, કેમ કે કશું બચ્યું જ નહીં હોય.

❋